# સંકલિત જીવાત વ્યવસ્થાપન અંગેનો તાલિમ વર્ગ યોજાયો

કીટકશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ દ્રારા સંકલિત જીવાત વ્યવસ્થાપન અંગેની તાલિમ તા: **૧૮/૦૬/૨૦૧૭** થી **૨૧/૦૬/૨૦૧૭** દરમ્યાન ગોઠવવામાં આવેલ. જેમાં મહેસાણા જીલ્લાના કુલ **૩૬** ખેડૂત ભાઇઓ તથા બહેનોએ ભાગ લીધેલ. આ તાલિમ કાર્યક્રમમાં વિવિધ પાકોમાં નુકસાન કરતી જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન વિષય પર જુદા-જુદા નિષ્ણાંતો દ્રારા લંબાણપૂર્વક ખેડૂતોને માર્ગદર્શન આપેલ. વિવિધ જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન કરી ઓછામાં ઓછા જંતુનાશકો છાંટીને, પાક સંરક્ષણ ખર્ચ ઘટાડી, રસાયણમુક્ત અને ગુણવત્તાસભર ખેત ઉત્પાદન મેળવવા માટે તાલિમ આપવામાં આવેલ. આ ઉપરાંત ઘાસચારા સંશોધન કેન્દ્ર, પશુ સંશોધન કેન્દ્ર, મધમાખી પાલન, ઔષધિય અને સુગન્ધિત પાક સંશોધન કેન્દ્ર અને શાકભાજી સંશોધન કેન્દ્રની મુલાકાત લેવામાં આવેલ. આ તાલિમ કાર્યક્રમમાં ખેડૂત ભાઇઓ – બહેનોને પ્રાયોગિક તાલિમ આપવામાં આવેલ. આ તાલિમ કાર્યક્રમનાં અંતિમ દિવસે માન. કુલપતિશ્રી ડૉ. એન. સી. પટેલ ઉપસ્થિત રહી તાલિમની જાણકારી બીજા ખેડૂતો સુધી પહોંચે તેવી અભ્યર્થના સાથે આશીર્વચન આપેલ તથા તેઓશ્રીના હસ્તે પ્રમાણપત્ર અને કીટનું વિતરણ પણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ફરજ પરના આચાર્યશ્રી ડૉ. એમ. વી. પટેલ તથા પ્રાધ્યાપક અને વડા, ડૉ. પી. કે. બોરડ પણ ઉપસ્થિત રહ્યા હતા.









સંકલિત જીવાત
તાલીમ કાર્યક્રમ
AAU